# મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ

પ્રશ્નપત્ર-4

ધોરણ : 10 (વર્ષ : 2019-20)

સમય: 3:00 કલાક

વિષય : ગુજરાતી

કુલ ગુણ - 80

સૂચનાઓ: (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો A, B, C, અને D છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
(2) દરેક વિભાગના 20 ગુણ છે.વિકલ્પો આંતરિક છે.

## વિભાગ-A

**(અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[04]**

| ગદ્ય કૃતિ | સાહિત્યપ્રકાર |
| --- | --- |
| (1) ડાંગવનો અંને | (અ) ચરિત્ર નિબંધ |
| (2) ગતિભંગ | (બ) લોકકથા |
| (3) વિરલ વિભૂતિ | (ક) નિબંધ |
| (4) ઘોડીની સ્વામીભક્તિ | (ડ) લઘુકથા |
| | (ઈ) નવલકથાખંડ |

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** **[02]**

1. લેખક છત્રી લેવા રાજકોટ જવાની વાતમાં શા માટે મક્કમ રહ્યા ?
2. હિમાલયના પ્રવાસમાં સાહસકિતા ઉપરાંત કઈ-કઈ બાબતો અત્યંત અનિવાર્ય ગણાય છે ?

**(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો.** **[06]**

1. પૂરમાં ડૂબતાં આંબા પટેલને જીવતદાન કેવી રીતે મળ્યું ?
2. ગરીબ અને ધનવાનની ખાઈ દૂર કરવા શું કરી શકાય તે 'ચોપડાની ઈન્દ્રજાળ' પાઠના આધારે લખો.
3. ભવિષ્યમાં બનનારા પ્રસંગો જાણી શકવાની શ્રીમદ્ રાજચંદ્રની શકિતનું એક ઉદાહરણ પાઠના આધારે લખો.

**અથવા**

સંજયભાઈ તથા વિનુકાકા - બંને વચ્ચે સાથે રહેવા છતાં અંતર વધતુ ગયું ? શા માટે ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાકયોમાં ઉત્તર લખો.** **[08]**

1. 'જન્મોત્સવ' કૃતિમાં રજૂ થયેલો વિરોધાભાસ સ્પષ્ટ કરો.
2. 'વાઈરસ ઈન્ફેકશન' પાઠના આધારે સ્વસ્થ જીવન જીવવા કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ?

**અથવા** 'ભૂખથીય ભૂંડી ભીખ' શીર્ષકની યોગ્યતા આલેખો.

## વિભાગ-B

**(અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[04]**

| પદ્ય કૃતિ | કર્તા |
| --- | --- |
| (1) શિકારીને | (અ) રાજેન્દ્ર શાહ |
| (2) બોલીએ ના કાંઈ | (બ) 'બેદિલ' |
| (3) હું એવો ગુજરાત | (ક) 'કલાપી' |
| (4) દીકરી | (ડ) વિનોદ જોશી |
| | (ઈ) નરસિંહ મહેતા |

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** **[02]**

1. 'વાચ, કાછ, મન નિશ્ચલ રાખે' એટલે શું ?
2. 'એક બપોરે કાવ્ય' માં 'ભારેલો અગ્નિ' શબ્દો દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. [06]

1. માતા-પિતાના જીવનમાં દીકરી કેટલી વ્યાપ્ત છે તે ઉદાહરણ સહિત લખો.
2. 'માધવને દીઠો છે કયાંય ?' કાવ્યમાં કવિએ બાળ કૃષ્ણનાં જીવનનાં કયાં-કયાં પ્રતીકોનો વિનિયોગ કર્યો છે?
3. 'શિકારીને' કાવ્યમાં કવિએ રજૂ કરેલ પક્ષીપ્રેમ તમારા શબ્દોમાં લખો. અથવા

'આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચા મને વારતી,
એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી'
કાવ્યની આ પંકિતઓનો માત્ર ભાવાર્થ સ્પષ્ટ કરો.

(ડ) નીચે આપેલા પ્રશ્નોના દસ-બાર વાકયોમાં ઉત્તર લખો. [08]

1. નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં કયા-કયા લક્ષણો જણાવે છે?
2. કવિને ગુજરાતી હોવાનું ગૌરવ કઈ-કઈ બાબતોમાં અનુભવાય છે ? અથવા

'બોલીએ ના કાંઈ' કાવ્યમાંથી આપણને શો જીવનબોધ મળે છે ?

## વિભાગ - C

નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તરો લખો. (દરેકનો એક ગુણ)
આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.

1 નીચેના બે શબ્દોની સાચી જોડણી લખો. [01]
આર્શિવાદ, કિર્તી
(આશીરવાદ, આશીર્વાદ, આસીવાદ), (કીરતી, કિરતી, કીર્તિ)

2 'એક+અંત' શબ્દની સાચી સંધિ જોડો. [01]
(એકંત, અનંત, એકાંત)

3 'અઠવાડિયું' શબ્દનો સમાસ ઓળખાવો. [01]
(દ્વિગુ સમાસ, કર્મધરાય સમાસ, ઉપપદ સમાસ)

4 યોગ્ય જોડકું જોડો. [01]

| (અ) | (બ) |
|---|---|
| (1) કર્તરિ વાકય રચના | (અ) છત્રીના સ્ટોરમાં જઈ મારાથી છત્રી મગાઈ |
| (2) કર્મણિ વાકય રચના | (બ) એવી છત્રી અમે નથી રાખતા |
| | (ક) મારાથી મક્કમ રહેવાયું. |

5 'ગાંધીજી તો ગાંધીજી હતા. સરદાર પટેલ તો સરદાર પટેલ!' વાકયમાંના અલંકારનો પ્રકાર જણાવો. [01]
(યમક અલંકાર, સજીવારોપણ અલંકાર, અનન્વય અલંકાર)

6 'વાર્ષિક'શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? [01]
(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એકપણ પ્રત્યય નહિ)

7 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [01]
(1) નદી :- (સમુદ્ર, સરિતા, ઉદધિ) (2) પૃથ્વી :- (ધુનિ, વસુધા, નગરી)

8 'લાગણી' સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. [01]
(દ્રવ્યવાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા, જાતિવાચક સંજ્ઞા)

નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.

9 નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપો. બે ઘોડે વાટ જોવી. [01]

10 નીચે આપેલી કહેવતનો અર્થ લખો. [01]
'બોડીને તાં વળી કાંહકી કેવી?'

11 નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.જેનો એક પણ શત્રુ નથી તે [01]

12 નીચેના શબ્દનો વિરૂદ્ધાર્થી શબ્દ લખો. સુગંધ [01]

13 બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ લખો. ઉંદર, ઉદર [01]

14 નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો. વાચ [01]

15 નીચેના વાકયમાંથી વિશેષણ શોધી તેના પ્રકાર જણાવો. [01]

અમારી શાળામાં એકસો શિક્ષકો છે.

16 નીચેનામાંથી ક્રિયા વિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો. [01]

દીકરી એકાએક રડવા લાગી

17 'મુઠ્ઠી' શબ્દના ધ્વનિ ઘટકો(સ્વર-વ્યંજન) છૂટા પાડો. [01]

18 નીચેના વાકયની પ્રેરક વાકય રચના બનાવો - [01]

રેખાબેન વ્યાકરણ શીખવે છે.

19 નીચેની પંકિતનો છંદ ઓળખાવો. [01]

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.

20 'પૃથ્વી' છંદનું બંધારણ જણાવો. [01]

## વિભાગ - D

(અ) નીચેની પંકિતઓનો આશરે પંદર વાકયોમાં અર્થવિસ્તાર કરો. [04]

મન મેલાં તન ઊજળાં, બગલા કપટી અંગ,
તેથી તો કાગા ભલા, તનમન એક જ રંગ **અથવા**

નીચ દ્રષ્ટિ તે નવ કરે,જે મોટા કહેવાય,
શત લાંઘણ જે સિંહ કરે, તોય તૃણ નહિ ખાય

(બ) તમારી શાળામાં યોજાયેલ 'યોગ દિન'ના કાર્યક્રમનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં તૈયાર કરો. [04]

(ક) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [04]

'પુસ્તક આધુનિક માનવીને આનંદ આપનાર સૌથી ઉમદા અને સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની એવી મહોબ્બત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે. અને પોતાની જાતને કયારેક તો માત્ર પુસ્તક પાસે જ તે ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એ વિસ્મયકારક વસ્તુ છે તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો, લાગણીઓ, ધબકારા, જ્ઞાન માહિતી, કંઈ કેટલુંય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો. સફર કરી શકો છો. દીવાની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકે નથી.' -- મોહમ્મદ માંકડ

(ડ) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [08]

**મારું વતનઃ-**

**મુદ્દાઓઃ-** પ્રસ્તાવના- વતનની વિશેષતા - વતનપ્રેમના સંસ્મરણો - ઉપસંહાર **અથવા**

**સમાજમાં કન્યા કેળવણીનું મહત્ત્વઃ-**

**મુદ્દાઓ :-** પ્રસ્તાવના - કન્યા કેળવણી દ્વારા સમાજ સુધારણા - વર્તમાનયુગમાં સ્ત્રીની ભૂમિકા - સમોવડી- ગૌરવ- ઉપસંહાર. **અથવા**

**મારો પ્રિય તહેવારઃ-**

**મુદ્દાઓઃ-** પ્રસ્તાવના- આપણા તહેવારો - નવરાત્રિનું ધાર્મિક મહત્ત્વ - નવરાત્રિની ઉજવણી - તહેવારો પ્રિય હોવાનું કારણ - ઉપસંહાર.